**ફોજદારી કેસ નં.૧૦૫૮/૨૦૨૨**

**–:: આંક–૧ નીચે હુકમ ::–**

સદરહું કેસનું રોજકામ વંચાણે લીધું. સદર કેસના કાગળો વંચાણે લીધા. હાલના કેસમાં આરોપી સામે પોલીસ તપાસના ચાર્જશીટ આધારે આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ થયેલ. સદર કેસના આરોપીને સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે અને પ્રોસીકયુશનને આરોપીને હાજર રખાવવા જાણ કરવામાં આવેલ છે. આમ છતાં સમન્સ/વોરંટ બજે કે વગર બજે પરત આવેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદપક્ષ આરોપીને હાજર રાખવામાં સફળ થયેલ નથી.

પી. રામચંદ્ર રાવ વિરૂધ્ધ કર્ણાટક રાજય–૨૦૦૨ (૨) જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટના માનનીય સાત ન્યાયાધીશોની બેંચે ઠરાવેલ છે ક The Ciriminal Courts should exercise their available powers, such as those under sections-309, 311, 258 of the Code of Criminal Procedure-1973 to efectual the right to speedy trial. આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં–૨૯૧૭/૨૦૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલત પોલીસ તંત્રને મર્યાદિત તક આપી યોગ્ય કીસ્સાઓમાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે. જેથી આ સંજોગોમાં સી.આર.પી.સી. કલમ–૨૫૮/બી.એન.એસ.એસ. ની કલમ–૨૮૧ નો ઉપયોગ કરવાનુ ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપી વિરૂધ્ધની ઈન્સાફી કાર્યવાહી સી.આર.પી.સી.ની **કલમ–૨૫૮/બી.એન.એસ.એસ. કલમ–૨૮૧** અન્વયે કાર્યવાહી સ્થગિત કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને બિનતહોમત છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે અને જો આ કામના આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેની સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦/બી.એન.એસ.એસ.ની કલમ–

૩૩૭ મુજબની આ કોર્ટ દ્વારા પરવાનગી અપાયેલ છે તેમ ગણી જે તે તબકકેથી આરોપી વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવો.

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજથી નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬.
સ્થળઃઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)
એડી.ચીફ જયુડી મેજી. ઓલપાડ
(કોડ નં જીજે ૦૦૫૫૫)
(સ્પે. સીટીંગ)